# આપણે પ્રેમના કારણે અન્યોની સેવા કરીએ છીએ

'ઘેટાં' અને 'બકરાં' વચ્ચેનો ભેદ જાણો.

**પ્રાર્થના :** સ્વર્ગીય પિતા, બાળકો આ અભ્યાસક્રમથી એકબીજાની સેવા પ્રેમથી કરે તેવું થવા દો.

બાળકો ની શીખવાની નીચેની પદ્ધતિઓમાંથી કોઈપણ એક પસંદ કરો.

**મોટાં બાળકો કે શિક્ષક માત્થી ૨૫ :૩૧-૪૬ માંથી ઘેટાં અને બકરાંની વાર્તા વાંચો.** એમાં બતાવ્યું છે કે પોતાનાં અને પારકા લોકો કોણ છે તે ઈશ્વર કેવી રીતે નક્કી કરે છે વાર્તા કહ્યા પછી નીચેના પ્રશ્નો પૂછો.

- લોકોનો ન્યાય કરીને તેમને ઘેટાં તથા બકરાં તરીકે કોણ જુદા પાડશે ? (ઉત્તર ૩૧ -૩૨ કલમ)
- ઈશ્વર પ્રત્યેનો પ્રેમ દર્શાવવા ઘેટાં શું કરે છે ? (૩૫)
- જરૂરીયાતવાળા લોકો સાથે ''બકરાં'' કેવો વ્યવહાર કરે છે ? (૪૨)
- જ્યારે આપણે જરૂરિયાતવાળા અન્ય લોકોને મદદ કરીએ છીએ ત્યારે આપણે ખરેખર કોની સેવા કરીએ છીએ ? (૪૦)
- ન્યાયના દિવસે જેઓ અન્યો પર પ્રેમ કરતા નથી તેમનું શું થશે ? (૪૬)

માત્થી ૨૫ :૩૧-૪૬ની વાર્તામાંથી ઘેટાં અને બકરાં **નાટક ભજવો**

**મોટાં છોકરાં** કે મોટેરાંને તેમનો ભાગ ભજવવા દો.

**ઉદ્‌ઘોષક** : વાર્તાની સમીક્ષા કરીને દરેક બાળકને શું બોલવું તે વિષે મદદ કરે.

**ઈસુ**

નાનાં બાળકો નીચેના પાત્રો ભજવે

**ઘેટાં**

**બકરાં**

(જરૂરિયાતવાળા )લોકો

## માત્થી ૨૫ :૩૧-૪૦ નાટક (પ્રથમ ભાગ)

**ઉદ્‌ઘોષક** : વાર્તાનો પ્રથમ ભાગ કહો (૩૧ થી ૪૦ કલમ) પછી બોલો - લોકો શું કહે છે તે સાંભળો

**લોકો (નો અવાજ):** મને મદદ કરો, મને ભૂખ લાગી છે, મારે વસ્ત્રો જોઈએ છે.
મને તરસ લાગી છે, મારે સૂવાની જગા જોઈએ, હું તો માંદો છું.

**ઉદ્‌ઘોષક** : હવે ઘેટાં શું કહે છે તે સાંભળો

**ઘેટાં** : અમે ઈસુ પર પ્રેમ કરીએ છીએ તેથી ચાલો આપણે તેમને મદદ કરીએ

**ઈસુ** : હવે હું ઘેટાંને બકરાંથી અલગ કરીશ, ચાલો અહીં આવો તમે મને ભોજન આપ્યું છે, તમે મને વસ્ત્રો આપ્યા છે અને મને મદદ પણ કરી છે.

**ઘેટાં** : અમે એ બધું ક્યારે કર્યું, પ્રભુ ?

**ઈસુ** : તમે આ ગરીબોમાંના એકને કર્યું તે મને જ કર્યું છે.

## માત્થી ૨૫ :૪૧-૪૬ નાટક (બીજો ભાગ)

**ઉદ્‌ઘોષક** : વાર્તાનો બીજા ભાગ કહો (૪૧ -૪૬ કલમ) પછી બોલો - લોકો શું કહે છે તે સાંભળો

**લોકો** : મને મદદ કરો, મને ભૂખ લાગી છે, મારે વસ્ત્રો જોઈએ છે.
મને તરસ લાગી છે. મારે ઊંઘવા માટે જગા જોઈએ છે. હું તો માંદો છું.

**બકરાં** : અહીંથી જાવ, અમે તમને મદદ કરીશું નહિ.

**ઈસુ** : ઓ બકરાંઓ, તમે અહીંથી જાવ, જ્યારે મારે જરૂર હતી ત્યારે તમે મારી મદદ કરી નથી.

**બકરાં** : પણ તમારે ક્યારે એવી જરૂર પડી હતી ?

**ઈસુ** : જ્યારે પણ તમે કોઈ જરૂરિયાતવાળાની અવગણના કરો છો ત્યારે તમે મારી સાથે એવો જ વ્યવહાર કરો છો.

**ઉદ્‌ઘોષક** : નાટક પુરું થયાની જાહેરાત કરો અને બાળકોનો આભાર માનો.

જરૂરિયાતવાળા લોકોની સેવા એટલે કે પ્રભુની સેવા કેવી રીતે કરી શકાય તે પૂછો. અને ઉદાહરણ આપો.

મંડળીના આગેવાનો સાથે બાળકોની નીચેની પ્રવૃતિનું **આયોજન કરો.**

- ભજનસેવામાં આ નાટક ભજવો.
- આ અભ્યાસની શરૂઆતમાં આપેલા પ્રશ્નો પૂછો.
- તેમણે તૈયાર કરેલ ગીત વિ. રજુ કરવા દો.



ખોરાક ભરેલા પાત્રનું ચિત્ર દોરો. પછીથી ભજનસેવામાં બાળકો મોટેરાંને ચિત્રો બતાવે. પ્રેમથી એકબીજાને સેવા કરવા દ્વારા કેવી રીતે પ્રભુની સેવા થાય છે તે વિષે બાળકો રજુઆત કરો.

૧ યોહાન ૪ :૧૯-૨૦ **મોઢે કરો.**

**ગીત :** ૧ કોરંથી ૧૩ :૧, ૪-૫ અને ૬-૮ વચનો બાળકોને બોલવા દો.

જો હું માણસો અને દૂતોની ભાષા બોલું પણ જો મારા માં
પ્રેમ ન હોય તો રણકાર કરનાર ઝાંઝ જેવો છું (કલમ૧)

પ્રીતિ ધીરજવાન છે. પ્રીતિ દયાળુ છે.
પ્રીતિ ગર્વ કરતી નથી. પ્રીતિ ઉદ્ધત નથી. તે સ્વાર્થી નથી
તે ગુસ્સો કરતી નથી. તે અપમાન લેખાવતી નથી. (કલમ ૪-૫)

પ્રીતિ ભૂંડાઈમાં ખુશ થતી નથી, પણ સત્યમાં આનંદ કરે છે
તે હંમેશા રક્ષણ કરે છે, તે હંમેશા વિશ્વાસ કરે છે, તે હંમેશા
આશાવાદી છે, તે હંમેશા ટકે છે. પ્રીતિ નિષ્ફળ થતી નથી. (કલમ ૬-૮)

**પ્રાર્થના :** પ્રભુજી, સાચી પ્રીતિ શું છે તે અમને બતાવ્યું માટે આભાર જેમ તમે અમારા પર પ્રેમ રાખો છો તેમ અમને એકબીજા પર પ્રેમ રાખવામાં સહાય કરો. જરૂરિયાતવાળાની સેવા કરવા દ્વારા અમે તમારા પરનો પ્રેમ પ્રગટ કરવા ચાહીએ છીએ જ્યારે અમે એકબીજાની સેવા કરીએ છીએ ત્યારે અમે તમારા પર પ્રેમ પ્રગટ કરીએ છીએ તે યાદ રાખવા અમારી સહાય કરો.

Copyright@2004 Paul - Timothy May be freely copied / download from www.paul-timothy.net